# ઈનચાર્જ આચાર્ય, એક વિવરણ

- ગુલાબરાય જોબનપુત્રા

ગ્રાંટેડ મા. અને ઉ.મા. શાળામાં આચાર્ય લાંબી રજા ઉપર જાય છે તેની જગ્યા ખાલી પડે ત્યારે તેનો હવાલો સાંભળનારને ઈનચાર્જ આચાર્ય તરીકે ઓળખવામાં આવે છે; આ અધિકૃત હોદ્દો નથી. કોડમાં કે વિનિયમોમાં તે વ્યાખ્યાયિત કર્યો નથી; આ એક વહીવટી પ્રથા છે; અહીં તે અંગેના વિવિધ સંદર્ભોના આધારે તેનું વિવરણ પ્રસ્તુત છે.

ઈન-ચાર્જ આચાર્યની કેડર શિક્ષકની કેડર છે, જેથી તેની લાયકાત શિક્ષકને લગતી લાયકાત છે. ના.મા.શિક્ષણ પંચે ઈન-ચાર્જ આચાર્ય માટે આચાર્યની લાયકાત જરૂરી માની નથી; અર્થાત શૈક્ષણિક લાયકાત અને અનુભવની બાબતમાં છૂટછાટ લઈ શકાય.

તા.26-9-80 સુધી ઈન-ચાર્જ આચાર્યની નિમણુંક અંગે કોઈ પધ્ધતિ જોવા મળતી નથી. તા.26-9-80 ની બોર્ડની કારોબારીના ઠરાવ 7 થી નીચે મુજબ પધ્ધતિ નક્કી થઈ -

"સુપર વાઈઝરની નિમણુંક અંગે જે ગુણાંકન પધ્ધતિ નક્કી કરેલ છે. તે મુજબ જે શિક્ષકના ગુણ વધુ હોય તેને ચાર્જ સોંપવો."

લઘુમતી શાળાઓને આ ઠરાવ લાગુ પડતો નથી. લઘુમતી શાળા બોર્ડના ઉપરોક્ત ઠરાવને એડોપ્ટ કરીને ગુણાંકનને આધારે ચાર્જ સોંપી શકે અથવા એક આદર્શ તરીકે પોતાની શાળામાં નિમણુંક તારીખથી સીનિયોરીટીમાં આવતા હોય તેને ચાર્જ સોંપી શકે.

ઈનચાર્જ આચાર્યની નિમણુંક કલમ-35 હેઠળનું નિમણુંક નથી. જેથી ચાર્જ લઈ લેવાના કિસ્સામાં કલમ-36 લાગુ પડે નહિ; ગર્લ્સ હાઈસ્કૂલમાં કોર્ટના ચુકાદાઓના સંકેતો અનુસાર લેડી ટીચરને ચાર્જ સોંપવો જોઈએ; આ અંગે એક્સપ્રેસ પ્રોવિઝન થવું જરૂરી છે. ના.મા.શિક્ષણ પંચે અરજી 76/79 માં જો નિમણુંક હુકમમાં ચાર્જ અંગે શરત ન હોય તો ફરજિયાત ચાર્જ સોંપી શકાય નહિ તેમ ઠરાવેલ છે. જો કોઈ શિક્ષક ચાર્જ સંભાળવા તૈયાર ન થાય તો ફરજિયાત ચાર્જ સોંપી શકાય તેવા વિનિયમોની શિક્ષકોને લાગતી ફરજોમાં જોગવાઈ નથી; શિક્ષકને લગતી ફરજોમાં આ અંગે ઉમેરો થવો ઘટે છે.

ઈનચાર્જ આચાર્યને શિક્ષક તરીકેનું પગાર ધોરણ મળવાપાત્ર છે. અને ઉ.પ.ધોરણ તે અનુસાર મળી શકે; અલબત્ત ઈન-ચાર્જ આચાર્યને આચાર્યના પગાર ધોરણના પ્રારંભિક પગાર ના 10% લેખે એક વર્ષ સુધી એલાઉન્સ મળવાપાત્ર છે; આ એલાઉન્સ ઉપર ડી.એ. મળવાપાત્ર નથી. તેમજ તે પેન્શનની ગણતરીમાં લેવાનુ નથી. જો વધુ સમય ઈન-ચાર્જ-આચાર્ય તરીકે કામ લીધુ હોય તો મેનેજમેંટે પોતાના ફંડમાંથી ભથ્થુ ચૂકવવુ જોઈએ; ઈનચાર્જ આચાર્યને શિક્ષકોને લગતો શૈક્ષણિક કાર્ય બોજ લાગુ પડે છે. સુપરવાઈઝરની જેમ તેને શૈ.કાર્યબોજમાંથી મુક્તિ નથી; ચાર્જ એલાઉન્સ કચેરીની મંજૂરી બાદ મળવા પાત્ર છે.

ઈનચાર્જ આચાર્ય વેકેશનલ કર્મચારી છે. તેને વિ.30(7) ખ લાગુ પડતો નથી; અર્થાત્ તેણે વેકેશનમાં શાળામાં હાજરી આપવી ફરજિયાત નથી; કેટલાક સંચાલક મંડળો તેવી ફરજ પાડતા હોવાનું ધ્યાને આવેલ છે. આવી ફરજના બદલામાં ઈનચાર્જ આચાર્ય વળતર માંગી શકે છે. લેખિત પુરાવો હોવો જોઈએ. તા.1-7-97 પહેલાં જૂના વિનિયમ 30(7) અનુસાર ઈન-ચાર્જ આચાર્યને વેકેશનમાં શાળામાં હાજરી આપવા બદલ ઈ.એલ. અને તેનું રોકડ રૂપાંતર મળવાપાત્ર હતું. (ટ્રિ.અરજી 273/93)

તા.1-7-97 થી સુધારેલ વિ. 30(7)ક અનુસાર સરકાર કે બોર્ડની કામગીરી બદલ ઈ.એલ. જમા મળવાપાત્ર છે. જેની ગણતરી નીચે મુજબ કરવાની છે -

પ્રાપ્ત રજા : વેકેશન નહિ ભોગવેલ દિવસોની સંખ્યા છેદમાં બન્ને વેકેશનના દિવસોની સંખ્યા ગુણ્યા ખરેખર ફરજના દિવસો છેદમાં 365 ગુણ્યા 30 = જેમાં મળવાપાત્ર ઈ.એલ. આ રજા શૈક્ષણિક વર્ષ દરમિયાન 30 થી વધે નહિ તે રીતે મંજૂર થઈ શકે. સ્વાભાવિક રીતે જ આ રજાનું રોકડ રૂપાંતર અપેક્ષિત છે. આવા કિસ્સામાં ઈ.એલ. જમા ન આપે કે રોકડ રુપાંતર મંજૂર ન કરે તો ટ્રિબ્યુનલમાં દાદ માંગી શકાય. તે માટે નીચેના પુરાવાઓ હોવા જરૂરી છે.

Scanned with CamScanner

(1) ઈનચાર્જ આચાર્ય તરીકેનો નિમણૂંક હુકમ
(2) સરકાર/બોર્ડની કામગીરી બજાવવાનો હુકમ
(3) કામગીરી અંગેનું પ્રમાણ પત્ર
(4) જો આવી કામગીરી માટે શાળામાં હાજરી આપી હોય તો મસ્ટરનો આધાર.

વિ.27(1) અનુસાર સંચાલક મંડળ શાળાની અભ્યાસેતર અને સંસ્થાપિત પ્રવૃત્તિઓમાં વેકેશનમાં શાળામાં હાજર રહેવા ફરમાવી શકે છે; જો આવા હુકમ અનુસાર શાળામાં હાજરી આપી હોય તો ઈ.એલ. અને તેનું રોકડ રુપાંતર ક્લેમ થઈ શકે. જ્યાં કાયદા/નિયમોમાં બે અર્થ થતા હોય ત્યાં કર્મચારીને લાભદાયક અર્થઘટન થઈ શકે.

1 જાન્યુ. થી 30 જૂન અને 1 જુલાઈ થી 31 ડિસેમ્બર એવા બે માંથી કોઈ બ્લોકમાં ઈનચાર્જ આચાર્ય અધવચ્ચે નિવૃત્ત થાય તો સેવાપોથીમાં આગોતરી જમા આપેલી રજામાંથી પ્રતિદિવસ 21/2 રજા બાદ થઈ શકે. સેવાપોથીમાં ચોકખી જમા રજાઓનું રોકડ રુપાંતર મળી શકે.

ઈનચાર્જ આચાર્યની સત્તાને કેટલીક મર્યાદાઓ છે -

(1) તે નીતિ વિષયક નિર્ણયો લઈ શકે નહિ, રૂટીન કામગીરી બજાવી શકે.

(2) તેણે વિ.11 અનુસાર નાણાકીય સત્તા હાથ ઉપર લેવી જોઈએ નહિ. વિ.11માં નાણાકીય સત્તા મેનેજમેંટને કે આચાર્ય ને જ સુપ્રત થઈ શકે છે.

(3) મેનેજમેંટની કે આચાર્યની કાનૂની સત્તા ઈનચાર્જ આચાર્યને ડેલીગેટ થઈ શકે નહિ, વહીવટી સત્તા જે વહીવટી ઠરાવો/પરિપત્રો હેઠળ ઠરાવી હોય તે ડેલીગેટ થઈ શકે.

એલ.સી.માં સહી કરવા ડીઈઓએ મંજૂરી આપી હોય તો સહી કરી શકે. ઈનચાર્જ આચાર્ય ગમે ત્યારે પોતાનું પદ છોડી શકે છે, અલબત્ત મેનેજમેંટ વૈકલ્પિક વ્યવસ્થા થાય ત્યાં સુધી પદ સંભાળવા ફરમાવી શકે છે; આ પદ છોડવામાં કલમ-36(4) લાગુ પડતી નથી. મેનેજમેંટ સાદા (Simple) હુકમથી આ પદ પરત લઈ શકે છે; આક્ષેપાત્મક હુકમ હોય તો આક્ષેપોની સમીક્ષા થઈ શકે; પણ અમારા મત મુજબ પદ ચાલુ રાખવાનો દાવો ટકી શકે નહિ.

ઈનચાર્જ આચાર્યનો કાર્યકાળ સમાપ્ત થાય ત્યારે વિધિવત ચાર્જ છોડવો જોઈએ અને તેની મેનેજમેંટને જાણ કરવી જોઈએ.

ઈનચાર્જ આચાર્યના સંબંધમાં અને તેને લગતા પ્રશ્નો ઉકેલવામાં આ વિવરણ ઉપયોગી નીવડશે તેવી આશા અસ્થાને નથી.

સૂચના : ડીઈઓની મંજૂરી બાદ ઈનચાર્જ આચાર્યની નિમણૂંક થવી જોઈએ.

Scanned with CamScanner